**<u>દાહોદના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, દાહોદ.</u>**

**<u>ફોજદારી કેસ નં. 2798 /2025</u>**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– **વનરાજભાઈ કલસીંગભાઈ માવી ,રહે. ખાપરીયા ફળીયા તા.જી.દાહોદ**

<u>ગુનો :– પ્રોહી એકટની કલમ –૬૬(૧) બી તથા મોટર. વ્હીકલ એકટની કલમ– ૧૮૫</u>

**–: જજમેન્ટ :–**

(૧) આ કામના આરોપી સામે પ્રોહી એકટની કલમ –૬૬(૧)(બી) તથા મો.વી. એકટની –૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ પોલીસ તપાસના અંતે પોલીસે અત્રેની કોર્ટ સમક્ષ આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ના હોય તો તેઓએ સરકાર તરફથી વિનામુલ્યે વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાના બચાવ કરી શકે તેમ છે ત્યારબાદ પણ આરોપીએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને તે અંગે પોતાની સહી થી કબુલાત પુરસીસ પણ આપેલ છે.

(૪) આરોપીએ એવી કબુલાત કરેલ છે તેનાથી અજાણતા ગુનો થઈ ગયેલ છે અને ગુનો કર્યાનો પસ્તાવો છે અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી. ઝગડો કરેલ નથી અને અસભ્ય વર્તન કરેલ નથી. અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારામારી કરેલ નથી અને આ મુજબનો અમારા ઉપર આક્ષેપ પણ નથી. હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી તેની ખાત્રી અને ભરોસો આપી દયાભાવ રાખી ઓછી સજા કરાવ અરજ કરેલ છે.

(૫) સદર કામે આરોપી સામે પ્રોહી એકટની કલમ –૬૬ (૧) બી, તથા મો.વી. એકટ –૧૮૫ મુજબનો ગુનો કરેલાની આક્ષેપ છે. ફરીયાદ પક્ષ મજકુર ગુનાનો આક્ષેપ પુરવાર કરવા ગુનાની ટ્રાયલ દરમ્યાન સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદો, પંચો, સરકારી અધિકારી ડૉકટર અને સરકારી અધિકારી તથા તપાસ કરનાર અમલદારનો પુરાવો રજુ કરવો પડે પુરાવો રજુ થતા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય.

(૬) આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ છે. જેની બજવણી થતાં આરોપી કોર્ટમાં વકીલ મારફત હાજર થયેલ છે. તેને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી પાડયા અંગેની ખાત્રી કરેલ ત્યારબાદ આરોપી આંક **-03** થી કબુલાત પુરસીસ

આપી તેઓ સામેનો કબુલ હોવાનું જણાવે છે. તેઓને તેઓ સામેના ગુન્હાનો સારાંશ જણાવી તેઓને ગુનો કબુલ છે કે બચાવ કરાવ માંગે છે તે અંગે પ્રશ્ન પુછતા આરોપી સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને તે સામે ગુનો કરવા બદલ પસ્તાવો વ્યકત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપી ગુનો કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની જોગવાઈ સમજાવવા છતાં કબુલાતને વળગી રહેલ છે જે ન માનવાને કોઈ કારણ નથી.

આ કેસની હકીકત આરોપીના આર્થિક સંજોગોને તેની સ્વેચ્છીક કબુલાત તેમજ નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત વી.નટવર હરચંદજી ઠાકોર જી.એસ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા પુરતા અને વ્યાજબી કારણો હોઈ, તો કેસના રેકર્ડ ધ્યાને લઈ, કાયદામાં કરેલ જોગવાઈથી ઓછી સજા અને દંડ કરી શકાય છે. હાલનાં કેસના સંજોગો તથા રેકર્ડ જોતા આરોપીને જો કાયદા અનુસાર સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગાર સંપર્કમાં આવે તો તેના જીવન ઉપર વિપરીત અસર થાય તેમ છે, તેમજ આરોપી કુટુંબ – કબીલાવાળા છે અને તેઓ કંટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને ગુનો કરવા બાદલ પસ્તાવો વ્યકત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ આરોપીની સામાજીક, આર્થીક પરિસ્થિતિ ધ્યાને લઈ આરોપીને પુરેપુરી સજા નહી કરતા, ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ સચવાય તેવુ જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

## // આખરી હુકમ //

૧) આરોપીને બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ – ૨૬૪ ( કોરસ્પોન્ડીંગ એકટ ક્રિ.પ્રો.કોડની કલમ –૨૪૧) અન્વયે પ્રોહી એકટની કલમ – ૬૬(૧) બી તથા મો.વી. એકટ –૧૮૫ ના ગુના બદલ સયુંકત રીતે તકસીરવાર ઠરાવી રૂપિયા –૨૦૦ ( અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડ ના ભરે તો દિન – ૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ કરેલ જામીનખત તથા જાત મુચરકા બી.એન.એસ.એસ.–૨૦૨૩ની કલમ –૪૮૧ ( કોરસ્પોન્ડીંગ એકટ ફોજદારી કાર્યરીતી સંહિતા –૧૯૭૩ ની કલમ – ૪૩૭(એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

સદર ગુના જો મુદ્દામાલ વાહન કબજે કરેલ હોય તો તેના લગત કરવા માં આવેલ વચગાળાનો હુકમ કાયક કરવામાં આવે છે. અન્યથા વાહનો ઈન્કવાયરી બાદ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૨મી, માહે–જુલાઈ , સને ૨૦૨૫ના રોજ નેશનલ લોકઅદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૧૨/૦૭/૨૦૨૫.
દાહોદ.

(કરણ.પી.યાદવ)
જયુડી.મેજી.ફ.ક.
દાહોદ
જીજે ૦૧૬૭૭